## છેલ્લે... છેલ્લે...

- આગામી ૩૦ મીએ પ્રધાનમંત્રીના નેતૃત્વમાં સર્વ પક્ષીય બેઠક યોજાશે.
- ઉત્તરપ્રદેશમાં ઓફિસમાં લેટ લતિફો સામે સખત કાર્યવાહી થશે.
- અમદાવાદની ચાંગોદર જીઆઈડીસીમાં વેસેલીન બનાવતી ફેકટરીમાં ભીષણ આગ.
- રેલવે મંત્રાલય દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે નેતાજી એક્સપ્રેસ શરૂ કરાશે.
- મધ્યપ્રદેશના ઈન્દોરમાં કોચિંગ ક્લાસમાંથી પરત ફરી રહેલી યુવતી સાથે ગેંગરેપ. જીવતી સળગાવવાનો પ્રયાસ, પાંચ સામે કેસ દાખલ.
- આઈસીસી ટેસ્ટ રેન્કીંગમાં ટીમ ઈન્ડિયા બીજા સ્થાને.
- દેશમાં જુન પછી પ્રથમ વખત કોરોનાના બે લાખથી ઓછા સક્રિય કેસ.
- કોંગ્રેસની વર્કીંગ કમિટીની ૨૨મીએ સાડા દસ વાગે વર્ચુઅલ બેઠક યોજાશે.
- ધોળકાના મામલતદાર ૨૫ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા.

# એક કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે સુલતાન ઝડપાયો

અમદાવાદ,તા.૨૦

શહેરમાથી વધુ એક વખત માદક પ્રદાર્થના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ થઈ છે. આ આરોપી ૧ કિલો એમડી ડ્રગ્સ લઈને અમદાવાદ આવી રહ્યો હતો પરંતુ સપ્લાયર સુધી ડ્રગ્સ પહોંચે તે પહેલા પેડલરની ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડએ ધરપકડ કરી છે.આ આરોપી પાસેથી ૧ કરોડનું ડ્રગ્સ કબ્જે કરવામા આવ્યુ છે. ગુજરાત એટીએસની કસ્ટડીમાં રહેલા આ આરોપીનું નામ મોહમદ સુલતાન શેખ છે જે મૂળ મુંબઈના જોગેશ્વરી વિસ્તારનો રહેવાસી છે.

ગત મોડી રાતે આરોપી મુંબઈથી ૧ કિલો ડ્રગ્સ સાથે ખાનગી ટ્રાવેલ્સની બસમાં અમદાવાદ આવી રહ્યો હતો. જે બાતમી મળતા ગુજરાત એટીએસે શાહીબાગ વિસ્તારમાંથી આરોપીની ધરપકડ કરી છે. ડ્રગ્સ પેડલર સુલતાનને શાહીબાગ પાસે લાલ ટીશર્ટ પહેરેલા સપ્લાયરને ડ્રગ્સ સોંપવાનું હતુ પરંતુ ડ્રગ્સ સોંપાય તે પહેલા પેડલરને ઝડપી પાડ્યો છે. ડ્રગ્સ પેડલર સુલતાનની વધુ પુછપરછ કરતા સામે આવ્યુ કે અજમેર શરીફ દરગાહના ખાદિમ વસીમના કહેવાથી તે ડ્રગ્સ લઈને અમદાવાદ આવતો હતો અને મૂળા સુહાગ કબ્રસ્તાન પાસે ડિલિવરી કરવાની હતી ૧ કરોડ ની કિંમતના મેથામ્ફેટામાઈન કબ્જે કરી એટીએસે વધુ તપાસ શરૂ કરી છે. જેમાં ઝડપાયેલા આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરવામા આવી છે. અગાઉ પણ ગુજરાત અને અમદાવાદ જેવા મેટ્રો શહેરોમાંથી કરોડોની કિંમતનું ડ્રગ્સ કબ્જે કરવામા આવ્યું છે પરંતુ ડ્રગ્સ રેકેટના મૂળ સુધી પહોંચવા મા પોલીસ સફળ નથી થઈ, ત્યારે એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલ પેડલરની તપાસ બાદ શું નવા ખુલાસા થાય છે અને ડ્રગ્સ ના રેકેટમા શું નવા ખુલાસા થાય છે તે જોવું મહત્વનું છે. આ મામલે ગુજરાત એટીએસ તપાસ કરશે કે મુખ્ય સોદાગર કોણ છે અને તેનું કનેક્શન ક્યાં સુધી લંબાયેલું છે. જોકે, અગાઉ પણ પકડાયેલા ડ્રગ્સના મામલે કોઈ મોટા માથાના નામ હજુ સુધી ખુલ્યા નથી.

# શિવરાજપુર બિચનો ૧૦૦ કરોડના ખર્ચે વિકાસ કરાશે : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દ્વારકા જિલ્લાના શિવરાજપુરના બ્લુ ફલેગ બિચ ખાતે રૂા.૨૦ કરોડના ખર્ચે પ્રથમ ફેઝમાં નિર્માણ કરવામાં થનાર પ્રવાસી સુવિધાઓનું ખાતમુહૂર્ત તથા તખ્તીનું અનાવરણ કરી બિચના પ્રોજેકટ મોડેલનું નિરીક્ષણ કર્યું હતું.

તેમણે સમગ્રતયા રૂ. ૧૦૦ કરોડના ખર્ચે આ બિચનો વિકાસ કરવાની નેમ વ્યકત કરતાં કહ્યું કે, ફેઝ-૨માં શિવરાજપુર બિચને રૂા.૮૦ કરોડના ખર્ચે વધુ સુવિધાયુકત બનાવવામાં આવશે. આમ, રૂા.૧૦૦ કરોડના ખર્ચે શિવરાજપુર બિચને આંતરરાષ્ટ્રીય સ્તરનો બિચ બનાવવામાં આવશે. શિવરાજપુર બિચને ગોવાના બિચ કરતાં પણ વધુ સુવિધાયુક્ત બનાવવામાં આવશે. ગુજરાતમાં ટુરિઝમ દ્વારા સર્વિસ સેક્ટરનું મહત્વ વધ્યું છે ત્યારે શિવરાજપુર બિચ દ્વારા રોજગારીની નવિન તકો ઉત્પન્ન થશે, સ્થાનિક યુવાનોને અનેકવિધ પ્રવૃત્તિઓ થકી રોજગાર પ્રાપ્ત થશે. પ્રવાસન સેકટર દ્વારા સંપૂર્ણ ઈકોનોમી સાયકલને વેગ મળશે અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના મંત્ર સાથે પ્રવાસન દ્વારા ગુજરાતની ઈકોનોમીને બુસ્ટ મળશે, તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વૈશ્વિક વિકાસના રોલ મોડેલ બનેલા ગુજરાતની વિશ્વખ્યાતિમાં હવે નવો કિર્તિમાન ગ્લોબલ ચોઈસ ફોર ટુરીઝમ પ્રસ્થાપિત કરવાની નેમ સાથે નવી પ્રવાસન નિતિ જાહેર કરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું કે આ નવી ટુરીઝમ પોલીસીમાં ગુજરાતની પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારના ટુરીઝમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૯૦ દર્દીઓ નોંધાયા

અમદાવાદ, તા. ૨૦

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ દિવસેને દિવસે ઘટી રહ્યુ છે. આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૪૯૦ દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ ૭૦૭ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જયારે રાજ્યમાં આજે ૨ લોકોના કોરોનાથી મોત થયા છે. જો કે રાજ્યમાં કુલ કોરોના દર્દીઓનો આંક ૨,૫૭,૩૪૨ પર પહોંચ્યો છે. જેમાં કુલ રિકવર દર્દીઓ ૨,૪૭,૨૨૩ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૩૭૧ પર પહોંચ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે કોરોના કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના ૪૯૦ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૭૦૭ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૬.૦૭ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૪૭,૨૨૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

### સુરતના ભાજપ-કોંગ્રેસના નેતાઓ કોરોનાપ્રુફ

# કોંગ્રેસના નેતાઓએ લોકોને એકઠા કરીને ગાઈડલાઈન તોડી

### તંત્ર કે સરકાર કોઈ કાર્યવાહી નથી કરતું અથવા તો નેતાઓને જાણે નિયમો તોડવાનો પરવાનો મળી ગયો છે

સુરત,તા.૨૦

સુરતમાં કોરોના મહામારી વચ્ચે નિયમ ભંગની સતત ઘટનાઓ બની રહી છે. તંત્ર તરફથી કોઈ કડક કાર્યવાહી કરવામાં ન આવતા લોકો સતત નિયમનો ભંગ કરી રહ્યા છે. શહેરમાં આ વખતે કોંગ્રેસના નગરસેવક દ્વારા પોતાના ફાર્મ હાઉસ પર જમણવારનું આયોજન કરી નિયમો તોડવામાં આવ્યો છે.

બીજી બાજુ ભાજપના ધારાસભ્યએ પેજ પ્રમુખ માટે બોલાવેલી બેઠકમાં કોરોનાના નિયમોના ધજાગરા ઉડ્યા હતા. આટલું ઓછું હોય તેમ નેતાઓ તરફથી સોશિયલ મીડિયામાં પણ તસવીરો મૂકવામાં આવે છે. કોરોના મહામારી વચ્ચે લોકો નિયમોનું પાલન કરે તેવી સૂચના તંત્ર અને સરકાર દ્વારા આપવામાં આવી છે.

જોકે, સામાન્ય માણસ નિયમ તોડે તો તંત્ર તેની સામે કાર્યવાહી કરે છે અથવા દંડ વસૂલે છે. સુરતમાં નિયમો તોડવા જાણે એક ફેશન બની ગઈ હોય તેમ સતત આવા બનાવો સામે આવતા રહે છે. અહીંયા તંત્ર કે સરકાર કોઈ કાર્યવાહી નથી કરતું અથવા તો નેતાઓને જાણે નિયમો તોડવાનો પરવાનો મળી ગયો છે. સુરતમાં નિયમોના ધજાગરા ઉડાવવાની એક સાથે બે ઘટના સામે આવી છે. સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા યોગી ચોક વિસ્તારના કોંગ્રેસના નગરસેવકે ગતરોજ પોતાના ફાર્મ હાઉસ પર બ્રહ્મ ભોજનના નામે લોકોને એકઠા કર્યા હતા. આ દરમિયાન લોકોએ માસ્ક પહેર્યા ન હતા અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન પણ થયું ન હતું.

એક થાળીમાં બે-બે લોકો જમતા જોવા મળ્યા હતા. નગર સેવકે આગામી દિવસોમાં કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે ત્યારે ચર્ચામાં રહેવા માટે આવું આયોજન કર્યું હોય તેવું લાગી રહ્યું છે. આ નગરસેવક સામે અગાઉ એક ફાર્મ હાઉસમાં જન્મ દિવસની ઉજાવણી સમયે નિયમો તોડતા કાર્યવાહી કરવામાં આવી હતી. બીજી તરફ આ જ વિસ્તારમાં ધારાસભ્ય એવા ભાજપના વી. ડી. ઝાડાવાડીયાને જાણે કોરોના ગાઈડલાઈન તોડવામાં મહારથ મળી ગઈ હોય તેવું લાગે છે. તેઓ દરરોજ ગાઈડલાઈન તોડી તેના ફોટા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં મૂકતા હોય છે. આ નેતાએ ગતરોજ પણ પેજ પ્રમુખના સભ્યની બેઠકનું આયોજન કર્યુ હતું. અહીંયા હાજર રહેલા લોકોએ કોરોનાની ગાઈડલાઈનનું પાલન કર્યુ ન હતું. આ નેતા અનેક વખત નિયમ ભંગ કરી ચૂક્યા હોવા છતાં તેમની સામે કોઈ કાર્યવાહી થતી નથી.

## સુરતમાં નિષ્ઠુર માતા બે માસનું બાળક ત્યજી ફરાર

અમદાવાદ,તા.૨૦

સુરત : અમરોલી બ્રીજ પર એક નિષ્ઠુર માતાએ પોતાના બે મહિનાના બાળકને ત્યજી દીધું હતું. અને અમરોલી બ્રીજ ઉપર તરછોડીને ફરાર થઇ ગઈ હતી. જો કે ત્યાંથી પસાર થતા ડિલિવરી બોયનું ધ્યાન જતા તેણે તાત્કાલિક નજીકના પોલીસ મથક સાથે ૧૦૮ને જાણ કતી જો કે બાળકનું મોત નીપજ્યું હતું. જેથી પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. સુરતના અમરોલી બ્રિજ પરથી બપોરના સમયે એક બાળકની લાશ મળી આવી હતી.

## બંને ઓવરબ્રિજ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી દેવાશે. આગામી મહીનાના અંતમાં સરગાસણ ઓવરબ્રિજ પર વાહનો દોડતા થઈ જશે. જયારે માર્ચ મહીનામાં ઘ -૦ પાસેના બ્રિજનુ પણ લોકાર્પણ થઈ જશે. જયારે અન્ય ત્રણ ઓવર બ્રિજ પૈકી ખોડિયાર રેલવે, હાઈકોર્ટ એલિવેટેડ કોરિડોર અને સોલા બ્રિજનુ પણ કામ જુલાઈ સુધીમાં પુર્ણ કરી દેવાશે. ઉજાલા પાસે પાસેના બ્રિજને ફોરલેનમાંથી સિકસલેન બનાવવા માટે ભારત સરકાર પાસે મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવી છે. જયારે જુલાઈ સુધીમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. અલબત્ત જુલાઈ સુધીમાં સમગ્ર પ્રોજેકટનુ કામ પુર્ણ થઈ જશે.જેના અંતે ચિલોડાથી સરખેજ વચ્ચેના રૂટમાં ટ્રાફિકનો સિનારિયો બદલાશે જયારે એસ જી હાઈવે પર થતા ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા નહીં મળે હાલની સ્થિતિએ આ કામગીરી ચાલી રહી હોવાથી હાલ પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. આ માર્ગ પર ઠેર ઠેર ડાયવર્ઝન હોવાના લીધે વાહનચાલકોને પણ પરેશાની વેઠવી પડે છે.

## ભીષણ અકસ્માત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક બીજા ટ્રકને ઓવરટેક કરવાના પ્રયાસમાં હતી, જેને કારણે આ દુર્ઘટના બની. એએસપીએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં ૧૮ લોકો ઘાયલ થયા છે જેમને પહેલા ધુપગુડીની એક હૉસ્પિટલ માટે રવાના કરવામાં આવ્યા અને પછી તેમને જલપાઈગુડીની હૉસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ધુમ્મસના કારણે મોટો અકસ્માત સર્જાયો છે. ધુપગુડી વિસ્તારમાં બોલ્ડરથી ભરેલી એક ટ્રક મંગળવારે રાત્રે ૯ વાગે ઘણી ગાડીઓ એકસાથે ટકરાઈ ગઈ. આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા છે, જ્યારે ૧૮ લોકોને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને જલપાઈગુડીની હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે.

## અનિર્ણિત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે ન્યૂનતમ ટેકાના ભાવ (એમએસપી) પર કાયદો બનાવવો પડશે અને ત્રણેય કૃષિ કાયદાને રદ કરવા પડશે. અમારો વિરોધ સરકાર અને કોર્પોરેટ સિસ્ટમ સામે છે.

કૃષિ કાયદા સામે સિંઘુ સરહદ પર ખેડૂતોનો વિરોધ આજે ૫૬ મા દિવસે પણ ચાલુ છે. કિસાન મજૂર સંઘર્ષ સમિતિના અધ્યક્ષે કહ્યું કે, ‘આજની બેઠકની પણ અપેક્ષા નથી. પરિણામ પ્રથમ બેઠકની જેમ જ આવશે, કારણ કે સરકાર કાયદાઓને રદ કરવા અને એમએસપી પર કાયદા ઘડવા માગતી નથી.

સંઘોના નેતાઓએ સમિતિને નકારી કાઢતાં કહ્યું કે તેમના સભ્યો પહેલેથી જ કૃષિ કાયદાની તરફેણમાં છે. ભારતીય કિસાન યુનિયન (એમએન) ના રાષ્ટ્રીય અધ્યક્ષ, ભૂપિંદર સિંહ માન, ગુરુવારે નવા કૃષિ કાયદા અંગે સર્વોચ્ચ અદાલતે નિમાયેલી ચાર-સભ્યોની સમિતિમાંથી પોતાને દૂર કરી દીધા. સમિતિ ૨૧ જાન્યુઆરીએ ખેડુતો સાથે તેની પ્રથમ બેઠક કરશે. પેનલ સદસ્ય અનિલ ઉનાવતે મંગળવારે આ માહિતી આપી. તેમણે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું હતું કે સમિતિ સમક્ષ સૌથી મોટો પડકાર આંદોલનકારી ખેડૂતોને આ મુદ્દે ચર્ચા કરવા મનાવવાનું છે.

## વેક્સિન આપશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહોંચાડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રસીકરણ અભિયાનની શરુઆત કરતા કહ્યુ હતું કે ભારત એવા દેશોની યાદીમાં સામેલ છે જેણે મુશ્કેલીના સમયે પણ વિશ્વના ૧૫૦થી વધુ દેશોને જરુરી દવાઓ અને મેડિકલ હેલ્પ પહોંચાડી હતી. હવે જ્યારે આપણે કોરોના વેક્સિન બનાવી લીધી છે તો ભારત તરફ દુનિયાના આશાઓ વધી રહી છે. માલદીવને કોવિશીલ્ડની ૧ લાખ ડોઝ અને બાંગ્લાદેશને કોવિશીલ્ડની ૨૦ લાખ ડોઝ મોકલવામાં આવી રહી છે. આ વેક્સિન દેશોને મદદ રુપે આપવામાં આવશે. જે પછી આ દેશોને વેક્સિનના જેટલા ડોઝની જરુર હશે એ મુજબ વેક્સિન કંપનીઓ સાથે કરાર કરશે.

નોંધનીય છે કે, બ્રાઝીલ, દક્ષિણ આફ્રિકા, ફિલીપીન્સ, ઈન્ડોનેશિયા, વિયતનામ, મોરક્કો, કંબોડિયા, સઉદી અરબ અને મંગોલિયા જેવા દેશો પણ ભારત પાસેથી વેક્સિનની માંગ કરી ચૂક્યા છે.

